|| સનાતન ધર્મ પત્રિકા ||

ઉમિયા માતાજી વાંઢાય - અકથિત ઈતિહાસ



આ અંકનો માનનીય લેખ

CA ચંદ્રકાન્તભાઈ છાભૈયા, મુંબઈ. 098336 18099

ભાગ ૨

...માતાજી વાંઢાય – ... ઈતિહાસ (ભાગ ૧) ...બર ૨૦૨૧ના અંકમાં ...લ) તેના વિષે ખૂબ સારો પ્રતિસાદ લોકો તરફથી મળેલ છે. વાંઢાય ઈશ્વર આશ્રમથી સાધુ ભરતદાસજીનો પણ મને ફોન આવેલ અને લેખ માટે આભાર વ્યક્ત કરેલ. અમારી વાતચીતમાં એમને મને વધારાની રસભરી અને મહત્વની જાણકારી આપી, જે સાધુ ભરતદાસજીને તેમના ગુરુ અને ઈશ્વર આશ્રમના ૮ માં મહંત શ્રી કરસનરામજી મહારાજ ગુરુ શાંતિરામજી મહારાજે જણાવેલી વાત ઉપર છે. જેનાથી પ્રેરાઈને આ લેખ તૈયાર કરવાનું નક્કી કરેલ. માતાજીના મંદિરના ઈતિહાસના એક પાસાં વિષે સંક્ષિપ્ત રીતે વધારાની જાણકારી તમારી સમક્ષ મૂકી રહ્યો છું, આશા છે તમને જરૂર ગમશે.

વાત છે.. વાંઢાયના માતાજીના મંદિરના વહીવટની પહેલી વ્યવસ્થા જે સંત ઓધવરામજી અને સંત દયાલરામજીના હસ્તે થતી, એની છે. ગત લેખમાં જણાવ્યા પ્રમાણે આપના ધ્યાનમાં હશે કે મંદિર ઊભું થયા પછી લગભગ પહેલા ૨૦ વર્ષ સુધી વાંઢાયના હરિહર સંપ્રદાયના સંતો અને આશ્રમ દ્વારા મંદિરનું સંચાલન કરવામાં આવ્યું.



શ્રી ઉમિયા માતાજીનું જૂનું મંદિર



પ.પૂ. શ્રી શાંતિદાસજી મહારાજ



શ્રી ઉમિયા માતાજીનું નવું મંદિર

તા.14 મે 1964 ના માતાજીનું મંદિર સહિત સંપૂર્ણ ઠાકર દ્વારા કેન્દ્રીય સમાજના અને સનાતની જ્ઞાતિના આગેવાનોની 6 જણ ની કમિટીને ' અર્પણ ' કરી દીધી, કોઈ પણ વ ળતર ની અપેક્ષા રાખ્યા વગર

ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર જે ઊભું થયું એ થયું છે સંત ઓધવરામ મહારાજ જેના ગાદીપતિ હતા એવા દવારાની અંદર. એ દવારો હાલ ઈશ્વર રામજી દવારાથી અલગ હતો. ત્યારે એ દવારાનું નામ હતું “ઠાકર ગુરુદવારો”. સંત ઈશ્વરરામજીની તપોભૂમિમાં આ આશ્રમ હતો. સંત વિહરી સાહેબે જે ગુફા/ભોંયરાંમાં બેસીને તપ કર્યું હતું, બરાબર એ ગુફાની ઉપર ઉમિયા માતાજીનું જૂનું મંદિર બાંધવામાં આવ્યું હતું. મૂળ મંદિર એવી આધ્યાત્મિક તેમજ પુણ્યશાળી જગ્યા ઉપર ઊભું થયું હતું. પણ વર્ષ 2009 જૂના મંદિરની જગ્યા ઉપર હવન કક્ષ બનાવવામાં આવેલ છે અને મંદિર સામેની ખૂલી જગ્યામાં ખસેડી દેવામાં આવેલ છે.

તા. ૦૨ એપ્રિલ ૧૯૪૪ના માતાજીના પહેલાં પાનમૂર્તિ (છબી/ફોટો)ની પ્રાણ પ્રતિષ્ઠા થઈ અને ત્યાર બાદ ત્રણ વર્ષ પછી માતાજીની પાકી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. ત્યારે એ સંપૂર્ણ જગ્યા ઠાકર દવારાની હતી અને ઠાકર દવારો ત્યાં કાર્યરત હતો. અમુક સાધુ સંતો ત્યાં રહેતા હતા. મુખ્યતઃ સંત ઓધવરામ અને સંત દયાલરામજીની અહીં બેઠક હતી. હાલ જ્યાં ઈશ્વર આશ્રમ દવારો ચાલી રહ્યો છે, ત્યાં ઈશ્વરરામજીની સમાધિ હતી અને ત્યાં સંત ઓધવરામજી મહારાજે વી. સંવત ૧૯૯૩ ની વસંત પંચમી (15-Feb-1937) ના ગુરુકુળ શરૂ કરેલ. શોષિત, પછાત અને ગરીબીથી રિબાતી ક. ક. પા જ્ઞાતિ શિક્ષણમાં ખૂબ પાછળ હોવાના કારણે આ ગુરુકુળમાં ક. ક. પા. જ્ઞાતિના છોકરાઓ માટે વિશેષ છૂટછાટો આપવામાં આવેલ હતી, જે અન્ય જ્ઞાતિ માટે નહોતી. આના સિવાય ત્યાં કઈં નહોતું.

પણ, ઓધવરામ મહારાજના છેલ્લા દિવસોમાં મહારાજશ્રીની ઈચ્છા હતી કે તેમને ઈશ્વરરામજી મહારાજની સમાધિ નજીક રહેવું છે. એટલે ઓધવરામ મહારાજના રહેવા માટે પહેલાં ત્યાં મકાન બનાવવામાં આવ્યું. જે આજે પણ છે. શ્રદ્ધાળુઓ ઓધવરામ મહારાજનો ઢોલિયો એજ મકાનના પહેલા માળા પર જોઈ શકે છે. પાછળથી જ્યારે સંત દયાલરામજી મહારાજને જ્યારે ગાદીપતિ બનાવ્યા ત્યારે તેમણે હાલના ઈશ્વર આશ્રમનો વિકાસ કર્યો. ઓધવરામ મહારાજે સમાધિ લીધી પછી દયાલરામજી મહારાજ આસ્તે આસ્તે ઈશ્વર આશ્રમનો વિકાસ કરતા ગયા. અને ત્યાર બાદ ધીરે ધીરે વહીવટી વ્યવસ્થાઓ પણ ઈશ્વર આશ્રમમાં ગોઠવતા ગયા.

સંત શાંતિરામજી મહારાજ જ્યારે ગાદી પર આવ્યા, ત્યારે એમને ઈશ્વર આશ્રમનો વિશેષ વિકાસ કર્યો. સંત શાંતિરામજી મહારાજનું પૂર્વાશ્રમ એટલે મૂળમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના છે. તેઓ ગામ નાની અરલના છાભૈયા પરિવારના છે. ઈશ્વર આશ્રમના વિકાસના કાર્યો કરતા હતા તે સમયમાં શાંતિરામજી મહારાજે તા ૧૪-મે-૧૯૬૪ના ધમધમતો એ ઠાકર દવારા આશ્રમને કેન્દ્રીય સમાજના આગેવાનો અને સનાતની ક. ક. પા. જ્ઞાતિના આગેવાનો એમ કુળ ૬ ભાઈઓની સમિતિને સ્વતંત્ર રીતે “અર્પણ” કરી દીધો. સરળ ભાષામાં કહીએ તો આખા આશ્રમને કોઈ આર્થિક અપેક્ષા રાખ્યા વગર અર્પણ/દાન કરી દીધો. જેની વિગત આગાઉ નવેમ્બર ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત આ લેખના ભાગ ૧ માં જણાવેલ છે. આ ઠાકર દવારા આશ્રમ સનાતની ક. ક. પા. જ્ઞાતિને અર્પણ કરી દીધા હોવા છતાં, એક વર્ષ સુધી ઈશ્વર આશ્રમથી રોજ સાધુ નિયમિત રીતે માતાજીની સેવા કરવા માટે મોકલવામાં આવતા.

સંત શાંતિરામજી બાપુનો ભાવ એવો હતો કે જે પરંપરા એટલે કે હરિહર પરંપરાને એ સાધુ છે, એ પરંપરામાં ૧૮એ વર્ણના લોકો આવે છે. પણ ઉમિયા માતાજી તો કડવા પાટીદારોના કુળદેવી છે. મંદિર સ્થાપનાની પાછળ ઓધવરામ બાપાનો જે આશય હતો કે સતપંથ ધર્મ છોડનાર કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓ એક તાંતણે બંધાઈ રહે, એ આશયને ચરિતાર્થ કરવા માટે જરૂરી હતું કે માતાજીના મંદિરનો વહીવટ સનાતની ક. ક. પા. સમાજના ભાઈઓ કરે. માટે એમને પોતાની માલિકીનો ઠાકર દવારો આજની સનાતની કેન્દ્રીય સમાજ/જ્ઞાતિના આગેવાનોની દેખરેખમાં સાવ અર્પણ/દાન કરી દીધો. કોઈ પણ વળતર લીધા વગર.

પણ દુઃખની વાત એ છે કે આજે ઉમિયા માતાજી વાંઢાયના દાતાઓની યાદીમાં સંત શાંતિરામજી મહારાજ અને ઈશ્વર આશ્રમનું ક્યાંય નામ નથી. વાંઢાયમાં અન્ય સાધુ સંતોની મૂર્તિઓ છે, પણ આવડું મોટું પાયાનું યોગદાન આપનાર મહારાજ શ્રી શાંતિરામજીનું ક્યાંય નામ પણ નથી અને ફોટો પણ નથી. એ બહુ દુઃખની વાત છે. આ વાત જાણીને એવો ભાવ આવે છે કે ક્યાંક જ્ઞાતિ તરીકે આપણે નગુણા તો નથી થઈ ગયા ને? ગહન વિચાર માંગી લે છે અને ભૂલનો સુધારો થાય એવા યોગ્ય પગલાં લેવા જોઈએ. ઉમિયા માતાજી વાંઢાયના ઈતિહાસમાંથી સંત શાંતિરામજી અને ઈશ્વર આશ્રમનું આટલું મોટું બલિદાનનો ઉલ્લેખ સ્વર્ણ અક્ષરમાં લખ્યાલો હોવો જોઈએ. આભાર સહ જય માતાજી.

{ 2 } || સનાતન ધર્મ પત્રિકા ||

ઉમિયા માતાજી વાંઢાય - અકથિત ઈતિહાસ



આ અંકનો માનનીય લેખ

CA ચંદ્રકાન્તભાઈ છાભૈયા, મુંબઈ. 098336 18099

ભાગ-૨

ઉમિયા માતાજી વાંઢાય – અકથીત ઈતિહાસ (ભાગ ૧) (જે લેખ નવેમ્બર ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત થયેલ) તેના વિષે ખૂબ સારા પ્રતિસાદ લોકો તરફથી મળેલ છે. વાંઢાય ઈશ્વર આશ્રમથી સાધુ ભરતદાસજીનો પણ મને ફોન આવેલ અને લેખ માટે આભાર વ્યક્ત કરેલ. અમારી વાતચીતમાં એમને મને વધારાની રસભરી અને મહત્વની જાણકારી આપી, જે સાધુ ભરતદાસજીને તેમના ગુરુ અને ઈશ્વર આશ્રમના ૮ માં મહંત શ્રી કરસનરામજી મહારાજ ગુરુ શાંતિરામજી મહારાજે જણાવેલી વાત ઉપર છે. જેનાથી પ્રેરાઈને આ લેખ તૈયાર કરવાનું નક્કી કરેલ. માતાજીના મંદિરના ઈતિહાસના એક પાસાં વિષે સંક્ષિપ્ત રીતે વધારાની જાણકારી તમારી સમક્ષ મૂકી રહ્યો છું, આશા છે તમને જરૂર ગમશે.

વાત છે.. વાંઢાયના માતાજીના મંદિરના વહીવટની પહેલી વ્યવસ્થા જે સંત ઓધવરામજી અને સંત દયાલરામજીના હસ્તે થતી, એની છે. ગત લેખમાં જણાવ્યા પ્રમાણે આપના ધ્યાનમાં હશે કે મંદિર ઊભું થયા પછી લગભગ પહેલા ૨૦ વર્ષ સુધી વાંઢાયના હરિહર સંપ્રદાયના સંતો અને આશ્રમ દ્વારા મંદિરનું સંચાલન કરવામાં આવ્યું.



શ્રી ઉમિયા માતાજીનું જૂનું મંદિર



પ.પૂ. શ્રી શાંતિદાસજી મહારાજ



શ્રી ઉમિયા માતાજીનું નવું મંદિર

> **તા.14 મે 1964 ના માતાજીનું મંદિર સહિત સંપૂર્ણ ઠાકર દ્વારા કેન્દ્રીય સમાજના અને સનાતની જ્ઞાતિના આગેવાનોની 6 જણ ની કમિટીને ‘ અર્પણ ‘ કરી દીધી, કોઇ પણ વ ળતર ની અપેક્ષા રાખ્યા વગર**

ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર જે ઊભું થયું એ થયું છે સંત ઓધવરામ મહારાજ જેના ગાદીપતિ હતા એવા દવારાની અંદર. એ દવારો હાલ ઈશ્વર રામજી દવારાથી અલગ હતો. ત્યારે એ દવારાનું નામ હતું “ઠાકર ગુરુદવારો”. સંત ઈશ્વરરામજીની તપોભૂમિમાં આ આશ્રમ હતો. સંત વિહરી સાહેબે જે ગુફા/ભોંયરાંમાં બેસીને તપ કર્યું હતું, બરાબર એ ગુફાની ઉપર ઉમિયા માતાજીનું જૂનું મંદિર બાંધવામાં આવ્યું હતું. મૂળ મંદિર એવી આધ્યાત્મિક તેમજ પુણ્યશાળી જગ્યા ઉપર ઊભું થયું હતું. પણ વર્ષ 2009 જૂના મંદિરની જગ્યા ઉપર હવન કક્ષ બનાવવામાં આવેલ છે અને મંદિર સામેની ખૂલી જગ્યામાં ખસેડી દેવામાં આવેલ છે.

તા. ૦૨ એપ્રિલ ૧૯૪૪ના માતાજીના પહેલાં પાનમૂર્તિ (છબી/ફોટો)ની પ્રાણ પ્રતિષ્ઠા થઈ અને ત્યાર બાદ ત્રણ વર્ષ પછી માતાજીની પાકી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. ત્યારે એ સંપૂર્ણ જગ્યા ઠાકર દવારાની હતી અને ઠાકર દવારો ત્યાં કાર્યરત હતો. અમુક સાધુ સંતો ત્યાં રહેતા હતા. મુખ્યતઃ સંત ઓધવરામ અને સંત દયાલરામજીની અહીં બેઠક હતી. હાલ જ્યાં ઈશ્વર આશ્રમ દવારો ચાલી રહ્યો છે, ત્યાં ઈશ્વરરામજીની સમાધિ હતી અને ત્યાં સંત ઓધવરામજી મહારાજે વી. સંવત ૧૯૯૩ ની વસંત પંચમી (15-Feb-1937) ના ગુરુકુળ શરૂ કરેલ. શોષિત, પછાત અને ગરીબીથી રિબાતી ક. ક. પા જ્ઞાતિ શિક્ષણમાં ખૂબ પાછળ હોવાના કારણે આ ગુરુકુળમાં ક. ક. પા. જ્ઞાતિના છોકરાઓ માટે વિશેષ છૂટછાટો આપવામાં આવેલ હતી, જે અન્ય જ્ઞાતિ માટે નહોતી. આના સિવાય ત્યાં કઈ નહોતું.

પણ, ઓધવરામ મહારાજના છેલ્લા દિવસોમાં મહારાજશ્રીની ઈચ્છા હતી કે તેમને ઈશ્વરરામજી મહારાજની સમાધિ નજીક રહેવું છે. એટલે ઓધવરામ મહારાજના રહેવા માટે પહેલાં ત્યાં મકાન બનાવવામાં આવ્યું. જે આજે પણ છે. શ્રદ્ધાળુઓ ઓધવરામ મહારાજનો ઢોલિયો એજ મકાનના પહેલા માળા પર જોઈ શકે છે. પાછળથી જ્યારે સંત દયાલરામજી મહારાજને જ્યારે ગાદીપતિ બનાવ્યા ત્યારે તેમણે હાલના ઈશ્વર આશ્રમનો વિકાસ કર્યો. ઓધવરામ મહારાજે સમાધિ લીધી પછી દયાલરામજી મહારાજ આસ્તે આસ્તે ઈશ્વર આશ્રમનો વિકાસ કરતા ગયા. અને ત્યાર બાદ ધીરે ધીરે વહીવટી વ્યવસ્થાઓ પણ ઈશ્વર આશ્રમમાં ગોઠવતા ગયા.

સંત શાંતિરામજી મહારાજ જ્યારે ગાદી પર આવ્યા, ત્યારે એમને ઈશ્વર આશ્રમનો વિશેષ વિકાસ કર્યો. સંત શાંતિરામજી મહારાજનું પૂર્વાશ્રમ એટલે મૂળમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના છે. તેઓ ગામ નાની અરલના છાભૈયા પરિવારના છે. ઈશ્વર આશ્રમના વિકાસના કાર્યો કરતા હતા તે સમયમાં શાંતિરામજી મહારાજે તા ૧૪-મે-૧૯૬૪ના ધમધમતો એ ઠાકર દવારા આશ્રમને કેન્દ્રીય સમાજના આગેવાનો અને સનાતની ક. ક. પા. જ્ઞાતિના આગેવાનો એમ કુળ ૬ ભાઈઓની સમિતિને સ્વતંત્ર રીતે “અર્પણ” કરી દીધો. સરળ ભાષામાં કહીએ તો આખા આશ્રમને કોઈ આર્થિક અપેક્ષા રાખ્યા વગર અર્પણ/દાન કરી દીધો. જેની વિગત આગાઉ નવેમ્બર ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત આ લેખના ભાગ ૧ માં જણાવેલ છે. આ ઠાકર દવારા આશ્રમ સનાતની ક. ક. પા. જ્ઞાતિને અર્પણ કરી દીધા હોવા છતાં, એક વર્ષ સુધી ઈશ્વર આશ્રમથી રોજ સાધુ નિયમિત રીતે માતાજીની સેવા કરવા માટે મોકલવામાં આવતા.

સંત શાંતિરામજી બાપુનો ભાવ એવો હતો કે જે પરંપરા એટલે કે હરિહર પરંપરાને એ સાધુ છે, એ પરંપરામાં ૧૮એ વર્ણના લોકો આવે છે. પણ ઉમિયા માતાજી તો કડવા પાટીદારોના કુળદેવી છે. મંદિર સ્થાપનાની પાછળ ઓધવરામ બાપાનો જે આશય હતો કે સતપંથ ધર્મ છોડનાર કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓ એક તાંતણે બંધાઈ રહે, એ આશયને ચરિતાર્થ કરવા માટે જરૂરી હતું કે માતાજીના મંદિરનો વહીવટ સનાતની ક. ક. પા. સમાજના ભાઈઓ કરે. માટે એમને પોતાની માલિકીનો ઠાકર દવારો આજની સનાતની કેન્દ્રીય સમાજ/જ્ઞાતિના આગેવાનોની દેખરેખમાં સાવ અર્પણ/દાન કરી દીધો. કોઈ પણ વળતર લીધા વગર.

પણ દુઃખની વાત એ છે કે આજે ઉમિયા માતાજી વાંઢાયના દાતાઓની યાદીમાં સંત શાંતિરામજી મહારાજ અને ઈશ્વર આશ્રમનું ક્યાંય નામ નથી. વાંઢાયમાં અન્ય સાધુ સંતોની મૂર્તિઓ છે, પણ આવડું મોટું પાયાનું યોગદાન આપનાર મહારાજ શ્રી શાંતિરામજીનું ક્યાંય નામ પણ નથી અને ફોટો પણ નથી. એ બહુ દુઃખની વાત છે. આ વાત જાણીને એવો ભાવ આવે છે કે ક્યાંક જ્ઞાતિ તરીકે આપણે નગુણા તો નથી થઈ ગયા ને? ગહન વિચાર માંગી લે છે અને ભૂલનો સુધારો થાય એવા યોગ્ય પગલાં લેવા જોઈએ. ઉમિયા માતાજી વાંઢાયના ઈતિહાસમાંથી સંત શાંતિરામજી અને ઈશ્વર આશ્રમનું આટલું મોટું બલિદાનનો ઉલ્લેખ સ્વર્ણ અક્ષરમાં લખ્યાલો હોવો જોઈએ. આભાર સહ જય માતાજી.

ઉમિયા માતાજી વાંઢાય- અકથિત ઈતિહાસ

ભાગ-૨



CA ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
મુંબઈ (મહારાષ્ટ્ર)



પ.પૂ. બ્રહ્મલીન શ્રી શાંતિદાસજી મહારાજ

દિનાંક: ૧૨-૧૨-૨૦૨૧

ઉમિયા માતાજી વાંઢાય-અકથિત ઈતિહાસ (ભાગ-૧) (જે લેખ નવેમ્બર, ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત થયેલ) તેના વિશે ખૂબ સારા પ્રતિસાદ લોકો તરફથી મળેલ છે. વાંઢાય ઈશ્વર આશ્રમથી સાધુ ભરતદાસજીનો પણ મને ફોન આવેલ અને લેખ માટે આભાર વ્યક્ત કરેલ. અમારી વાતચીતમાં એમને મને વધારાની રસભરી અને મહત્વની જાણકારી આપી, જે સાધુ ભરતદાસજીને તેમના ગુરુ અને ઈશ્વર આશ્રમના ૮મા મહંત શ્રી કરશનરામજી મહારાજ ગુરુ શાંતિરામજી મહારાજે જણાવેલી વાત ઉપર છે. જેનાથી પ્રેરાઈને આ લેખ તૈયાર કરવાનું નક્કી કરેલ. માતાજીના મંદિરના ઈતિહાસના એક પાસા વિશે સંક્ષિપ્ત રીતે વધારાની જાણકારી તમારી સમક્ષ મુકી રહ્યો છું, આશા છે તમને જરૂર ગમશે.

વાત છે... વાંઢાયના માતાજીના મંદિરના વહીવટની, પહેલી વ્યવસ્થા જે સંત ઓધવરામજી અને સંત દયાલરામજીના હસ્તે થતી, એની છે. ગત લેખમાં જણાવ્યા પ્રમાણે આપના ધ્યાનમાં હશે કે મંદિર ઉભું થયા પછી લગભગ પહેલાં ૨૦ વર્ષ સુધી વાંઢાયના હરિહર સંપ્રદાયના સંતો અને આશ્રમ દ્વારા મંદિરનું સંચાલન કરવામાં આવ્યું.



જૂનું મંદિર

ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર જે ઉભું થયું એ થયું છે સંત ઓધવરામ મહારાજ જેના ગાદીપતિ હતા એવા દવારાની અંદર. એ દવારો હાલ ઈશ્વર રામજી દવારાથી અલગ હતો. ત્યારે એ દવારાનું નામ હતું "ઠાકર ગુરુદવારો". સંત ઈશ્વરરામજીની તપોભૂમિમાં આ આશ્રમ હતો. સંત વિહારી સાહેબે જે ગુફા/ભોંયરામાં બેસીને તપ કર્યું હતું, બરાબર એ ગુફાની ઉપર ઉમિયા માતાજીનું જુનું મંદિર બાંધવામાં આવ્યું હતું. મૂળ મંદિર એવી આધ્યાત્મિક તેમજ પુણ્યશાળી જગ્યા ઉપર ઉભું થયું હતું. પણ વર્ષ ૨૦૦૯ જુના મંદિરની જગ્યા ઉપર હવન કક્ષ બનાવવામાં આવેલ છે અને મંદિર સામેની ખુલ્લી જગ્યામાં ખસેડી દેવામાં આવેલ છે.

તા. ૨ એપ્રિલ, ૧૯૪૪ના માતાજીના પહેલા પાનમૂર્તિ (છબી/ફોટો)ની પ્રાણ પ્રતિષ્ઠા થઈ અને ત્યારબાદ ત્રણ વર્ષ પછી માતાજીની પાકી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. ત્યારે એ સંપૂર્ણ જગ્યા ઠાકર દવારાની હતી અને ઠાકર દવારો ત્યાં કાર્યરત હતો. અમુક સાધુ સંતો ત્યાં રહેતા હતા. મુખ્યત: સંત ઓધવરામ અને સંત દયાલરામજીની અહીં બેઠક હતી. હાલ જ્યાં ઈશ્વર આશ્રમ દવારો ચાલી રહ્યો છે ત્યાં ઈશ્વરરામજીની સમાધિ હતી અને ત્યાં સંત ઓધવરામજી મહરાજે વિ.સંવત ૧૯૯૩ની વસંતપંચમી (૧૫ ફેબ્રુ. ૧૯૩૭)ના ગુરુકુળ શરૂ કરેલ. શોષિત, પછાત અને ગરીબીથી રીબાતી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ શિક્ષણમાં ખૂબ પાછળ હોવાના કારણે આ ગુરુકુળમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના છોકરાઓ માટે વિશેષ છુટછાટો આપવામાં આવેલ હતી, જે અન્ય જ્ઞાતિ માટે નહોતી. આના સિવાય ત્યાં કંઈ નહોતું.

પણ, ઓધવરામ મહારાજના છેલ્લા દિવસોમાં મહારાજશ્રીની ઈચ્છા હતી કે તેમને ઈશ્વરરામજી મહારાજની સમાધિ નજીક રહેવું છે. એટલે ઓધવરામ મહારાજના રહેવા માટે પહેલા ત્યાં મકાન બનાવવામાં આવ્યું. જે આજે પણ છે. શ્રદ્ધાળુઓ ઓધવરામ મહારાજનો ઢોલિયો એજ મકાનના પહેલા માળા પર જોઈ શકે છે.

પાછળથી જયારે સંત દયાલરામજી મહારાજને ગાદીપતિ બનાવ્યા ત્યારે તેમણે હાલના ઈશ્વર આશ્રમનો વિકાસ કર્યો. ઓધવરામ મહારાજે સમાધિ લીધી પછી દયાલરામજી મહારાજ ધીમે ધીમે ઈશ્વર આશ્રમનો વિકાસ કરતા ગયા. ત્યારબાદ ધીરે ધીરે વહીવટી વ્યવસ્થાઓ પણ ઈશ્વર આશ્રમમાં ગોઠવતા ગયા.

સંત શાંતિરામજી મહારાજ જ્યારે ગાદી પર આવ્યા ત્યારે એમને ઈશ્વર આશ્રમનો વિશેષ વિકાસ કર્યો. સંત શાંતિરામજી મહારાજનું પૂર્વાશ્રમ એટલે મૂળમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના છે. તેઓ ગામ નાની અરલના છાભૈયા પરિવારના છે. ઈશ્વર આશ્રમના વિકાસના કાર્યો કરતા હતા તે સમયમાં શાંતિરામજી મહારાજે તા. ૧૪ મે, ૧૯૬૪ના ધમધમતો એ ઠાકર દવારા આશ્રમને કેન્દ્રિય સમાજના આગેવાનો ને સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનો એમ કુલ ૬ ભાઈઓની સમિતિને સ્વતંત્ર રીતે "અર્પણ" કરી દીધો. સરળ ભાષામાં કહીએ તો આખા આશ્રમને કોઈ આર્થિક અપેક્ષા રાખ્યા વગર અર્પણ/દાન કરી દીધો. જેની વિગત અગાઉ નવેમ્બર, ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત આ લેખના ભાગ-૧માં જણાવેલ છે. આ ઠાકર દવારા આશ્રમ સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને અર્પણ કરી દીધો હોવા છતાં, એક વર્ષ સુધી ઈશ્વર આશ્રમથી રોજ સાધુ નિયમિત રીતે માતાજીની સેવા કરવા માટે મોકલવામાં આવતા.

સંત શાંતિરામજી બાપુનો ભાવ એવો હતો કે જે પરંપરા એટલે કે હરિહર પરંપરાને એ સાધુ છે, એ પરંપરામાં ૧૮એ વર્ણના લોકો આવે છે. પણ ઉમિયા માતાજી તો કડવા પાટીદારોના કુળદેવી છે. મંદિર સ્થાપનાની પાછળ ઓધવરામ બાપાનો જે આશય હતો કે સતપંથ ધર્મ છોડનાર કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓ એક તાંતણે બંધાઈ રહે, એ આશયને ચરિતાર્થ કરવા માટે જરૂરી હતું કે માતાજીના મંદિરનો વહીવટ સનાતની કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈઓ કરે. માટે એમને પોતાની માલિકીનો ઠાકર દવારો આજની સનાતની કેન્દ્રિય સમાજ/જ્ઞાતિના આગેવાનોની દેખરેખમાં સાવ અર્પણ/દાન કરી દીધો. કોઈ પણ વળતર લીધા વગર.

પણ દુ:ખની વાત એ છે કે આજે ઉમિયા માતાજી વાંઢાયના દાતાઓની યાદીમાં સંત શાંતિરામજી મહારાજ અને ઈશ્વર આશ્રમનું કયાંય નામ નથી. વાંઢાયમાં અન્ય સાધુ સંતોની મૂર્તિઓ છે, પણ આવડું મોટું પાયાનું યોગદાન આપનાર મહારાજ શ્રી શાંતિરામજીનું કયાંય નામ પણ નથી અને ફોટો પણ નથી. એ બહુ દુ:ખની વાત છે. આ વાત જાણીને એવો ભાવ આવે છે કે કયાંક જ્ઞાતિ તરીકે આપણે નગુણા તો નથી થઈ ગયા ને? ગહન વિચાર માંગી લે છે અને ભૂલનો સુધારો થાય એવા યોગ્ય પગલાં લેવા જોઈએ. ઉમિયા માતાજી વાંઢાયના ઈતિહાસમાંથી સંત શાંતિરામજી અને ઈશ્વર આશ્રમનું આટલું મોટું બલિદાનનો ઉલ્લેખ સુવર્ણ અક્ષરમાં લખાયેલો હોવો જોઈએ.

આભાર સહ... જય માતાજી.


realpatidar.com
2022
Happy New Year!
મુમનાની છાપ મટાડવી હોય
તો જાગો અને જુવો...
જાન્યુઆરી-૨૦૨૨
પાટીદાર
સૌરભ
ત્રિવાર્ષિક લવાજમ રૂ. ૪૫૦
પાટીદાર પાવર
કચ્છના
નવનિર્વાચિત
સરપંચો
શ્રીરામપુર હત્યાકાંડ!
કાનાણી પરિવારના ચાર સભ્યોની
ક્રુર હત્યા કરતો નરાધમ ભત્રીજો
યોગેશ ભાવાણી
સમાજના કાર્યકર્તાનો
'પદધર્મ' શું છે? સ્વામી
સચ્ચિદાનંદજીની કલમે...
સંત શાંતિરામજીની
એ ઉદાત્ત ભાવનાને
સમાજ ભૂલી ગયો છે?
realpatidar.com

સંત શાંતિરામજીની ઉદાત્ત ભાવનાને સમાજ ભૂલી ગયો છે?

ઉમિયા માતાજીના જૂના મંદિરની જગ્યાએ અગાઉ ઠાકર દ્વારો હતો !

■ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા (સીએ) - મુંબઈ

ઉમિયા માતાજી વાંઢાય - અકથીત ઈતિહાસ (ભાગ-૧) (જે લેખ નવેમ્બર ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત થયેલ) તેના વિશે ખૂબ સારા પ્રતિસાદ લોકો તરફથી મળેલ છે. વાંઢાય ઈશ્વર આશ્રમથી સાધુ ભરતદાસજીનો પણ મને ફોન આવેલ અને લેખ માટે આભાર વ્યક્ત કરેલ. અમારી વાતચીતમાં એમને મને વધારાની રસભરી અને મહત્ત્વની જાણકારી આપી, જે સાધુ ભરતદાસજીને તેમના ગુરુ અને ઈશ્વર આશ્રમના ૮મા મહંત શ્રી કરસનરામજી મહારાજ ગુરુ શાંતિરામજી મહારાજે જણાવેલી વાત ઉપર છે. જેનાથી પ્રેરાઈને આ લેખ તૈયાર કરવાનું નક્કી કરેલ. માતાજીના મંદિરના ઈતિહાસના એક પાસાં વિશે સંક્ષિપ્ત રીતે વધારાની જાણકારી તમારી સમક્ષ મૂકી રહ્યો છું, આશા છે તમને જરૂર ગમશે.

વાત છે... વાંઢાયના માતાજીના મંદિરના વહીવટની પહેલી વ્યવસ્થા જે સંત ઓધવરામજી અને સંત દયાલરામજીના હસ્તે થતી, એની છે. ગત લેખમાં જણાવ્યા પ્રમાણે આપના ધ્યાનમાં હશે કે મંદિર ઊભું થયા પછી લગભગ પ્રથમ ૨૦ વર્ષ સુધી વાંઢાયના હરિહર સંપ્રદાયના સંતો અને આશ્રમ દ્વારા મંદિરનું સંચાલન કરવામાં આવ્યું.

ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર જે ઊભું થયું છે સંત ઓધવરામ મહારાજ એના ગાદીપતિ હતા એવા દ્વારાની અંદર. એ દ્વારો હાલ ઈશ્વર રામજી દ્વારાથી અલગ હતો. ત્યારે એ દ્વારાનું નામ હતું "ઠાકર ગુરુદ્વારો". સંત ઈશ્વરરામજીની તપોભૂમિમાં આ આશ્રમ હતો. સંત વિહારી સાહેબે જે ગુફા-ભોંયરામાં બેસીને



તપ કર્યું હતું, બરાબર એ ગુફાની ઉપર ઉમિયા માતાજીનું જૂનું મંદિર બાંધવામાં આવ્યું હતું. મૂળ મંદિર એવી આધ્યાત્મિક તેમજ પુણ્યશાળી જગ્યા ઉપર ઊભું થયું. હતું. પણ વર્ષ ૨૦૦૯ના જૂના મંદિરની જગ્યા ઉપર હવન કક્ષ બનાવવામાં આવેલ છે અને મંદિર સામેની ખુલી જગ્યામાં ખસેડી દેવામાં આવેલ છે.

તા.૨ એપ્રિલ ૧૯૪૪ના માતાજીના પહેલાં પાનમૂર્તિ (છબી-ફોટો)ની પ્રાણપ્રતિષ્ઠા થઈ અને ત્યારબાદ ત્રણ વર્ષ પછી માતાજીની પાકી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. ત્યારે એ સંપૂર્ણ જગ્યા



શ્રી ઉમિયા માતાજી વાંઢાયનું જૂનું મંદિર

ઠાકર દ્વારાની હતી અને ઠાકર દ્વારો ત્યાં કાર્યરત હતો. અમુક સાધુ સંતો ત્યાં રહેતા હતા. મુખ્યતઃ સંત ઓધવરામ અને સંત દયાલરામજીની અહીં બેઠક હતી. હાલ જ્યાં ઈશ્વર આશ્રમ દ્વારો ચાલી રહ્યો છે, ત્યાં ઈશ્વરરામજીની સમાધિ હતી અને ત્યાં સંત ઓધવરામજી મહારાજે વિ.સંવત ૧૯૯૩ની વસંત પંચમી (૧૫ ફેબ્રુઆરી ૧૯૩૭)ના ગુરુકુળ શરૂ કરેલ. શોષિત, પછાત અને ગરીબીથી રિબાતી ક.ક.પા. જ્ઞાતિ શિક્ષણમાં ખૂબ પાછળ હોવાના કારણે આ ગુરુકુળમાં ક.ક.પા.જ્ઞાતિના છોકરાઓ માટે વિશેષ છૂટછાટો આપવામાં આવેલ હતી. જે અન્ય જ્ઞાતિ માટે નહોતી. આના સિવાય ત્યાં કંઈ નહોતું.

પણ, ઓધવરામ મહારાજના છેલ્લા દિવસોમાં મહારાજશ્રીની ઈચ્છા હતી કે તેમને ઈશ્વરરામજી મહારાજની સમાધિ નજીક રહેવું છે. એટલે ઓધવરામ મહારાજના રહેવા માટે પહેલાં ત્યાં મકાન બનાવવામાં આવ્યું. જે આજે પણ છે. શ્રદ્ધાળુઓ ઓધવરામ મહારાજનો ઢોલિયો એ જ મકાનના પહેલા માળ પર જોઈ શકે છે. પાછળથી જ્યારે સંત દયાલરામજી મહારાજને જ્યારે ગાદીપતિ બનાવ્યા ત્યારે તેમણે હાલના ઈશ્વર આશ્રમનો વિકાસ કર્યો. ઓધવરામ મહારાજે સમાધિ લીધી પછી દયાલરામજી મહારાજ આસ્તે આસ્તે ઈશ્વર આશ્રમનો વિકાસ કરતા ગયા અને ત્યાર બાદ ધીરે ધીરે વહીવટી વ્યવસ્થાઓ પણ ઈશ્વર આશ્રમમાં ગોઠવતા ગયા.

સંત શાંતિરામજી મહારાજ જ્યારે ગાદી પર આવ્યા, ત્યારે એમને ઈશ્વવર આશ્રમનો વિશેષ વિકાસ કર્યો. સંત શાંતિરામજી મહારાજનું પૂર્વાશ્રમ એટલે

મૂળમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના છે. તેઓ ગામ નાની અરલના છાભૈયા પરિવારના છે. ઈશ્વર આશ્રમના વિકાસના કાર્યો કરતા હતા તે સમયમાં શાંતિરામજી મહારાજે તા.૧૪, મે ૧૯૬૪ના ધમધમતો એ ઠાકર દ્વારો આશ્રમને કેન્દ્રીય સમાજના આગેવાનો અને સનાતની ક.ક.પા. જ્ઞાતિના આગેવાનો એમ કુલ ૬ ભાઈઓની સમિતિને સ્વતંત્ર રીતે “અર્પણ” કરી દીધો. સરળ ભાષામાં કહીએ તો આખા આશ્રમને કોઈ આર્થિક અપેક્ષા રાખ્યા વગર અર્પણ-દાન કરી દીધો. જેની વિગત અગાઉ નવેમ્બર ૨૦૨૧ના અંકમાં પ્રકાશિત આ લેખના ભાગ-૧માં જણાવેલ છે. આ ઠાકર દ્વારો આશ્રમ સનાતની ક.ક.પા. જ્ઞાતિને અર્પણ કરી દીધો હોવા છતાં, એક વર્ષ સુધી ઈશ્વર આશ્રમથી રોજ સાધુ નિયમિત રીતે માતાજીની સેવા કરવા માટે મોકલવામાં આવતા.

સંત શાંતિરામજી બાપુનો ભાવ એવો હતો કે જે પરંપરા એટલે હરિહર પરંપરાના એ સાધુ છે, એ પરંપરામાં ૧૮એ વર્ણના લોકો આવે છે. પણ ઉમિયા માતાજી તો કડવા પાટીદારોના કુળદેવી છે. મંદિર સ્થાપનાની પાછળ ઓધવરામ બાપાનો જે આશય હતો કે સતપંથ ધર્મ છોડનાર કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓ એક તાંતણે બંધાઈ રહે, એ આશયને ચરિતાર્થ કરવા માટે જરૂરી હતું કે માતાજીના મંદિરનો વહીવટ સનાતની ક.ક.પા. સમાજના ભાઈઓ કરે. માટે એમને પોતાની માલિકીનો ઠાકર દ્વારો આજની સનાતની કેન્દ્રીય સમાજ, જ્ઞાતિના આગેવાનોની દેખરેખમાં સાવ અર્પણ-દાન કરી દીધો. કોઈ પણ વળતર લીધા વગર.

પણ દુ:ખની વાત એ છે કે આજે ઉમિયા માતાજી વાંઢાયના દાતાઓની યાદીમાં સંત શાંતિરામજી મહારાજ અને ઈશ્વર આશ્રમનું ક્યાંય નામ નથી. વાંઢાયમાં અન્ય સાધુ સંતોની મૂર્તિઓ છે, પણ આવડું મોટું પાયાનું યોગદાન આપનાર મહારાજ શ્રી શાંતિરામજીનું ક્યાંય નામ પણ નથી અને ફોટો પણ નથી. એ બહુ દુ:ખની વાત છે. આ વાત જાણીને એવો ભાવ આવે છે કે ક્યાંક જ્ઞાતિ તરીકે આપણે નગુણા તો નથી થઈ ગયા ને? ગહન વિચાર માંગી લે છે અને ભૂલનો સુધારો થાય એવા યોગ્ય પગલાં લેવા જોઈએ. ઉમિયા માતાજી વાંઢાયના ઈતિહાસમાંથી સંત શાંતિરામજી અને ઈશ્વર આશ્રમના આટલા મોટા બલિદાનનો ઉલ્લેખ સ્વર્ણ અક્ષરમાં લખાયેલો હોવો જોઈએ.

❖

ક્યાં છે?

કડકડતી ટાઢમાં
થાય છે કે
હૂંફાળા તડકાના
ટોપલેટોપલા ભરી રાખું.
વૈશાખી બપોરે
થાય છે કે
લીમડા નીચે બેઠેલી
લીલીલીલી ઠંડકનાં બેડાં
છલોછલ ભરી લઉં.
આષાઢના પ્રથમ દિવસે
થાય છે કે
વર્ષાના ઝરમર... ઝરમર ધ્વનિને
નવાણિયાની તાંબાકૂંડીમાં ભરી લઉં.
પતંગિયાની પાંખ પર બેઠેલી
આનંદની ઊઘડતી પળને
સાચવી રાખે તેવો
સેઈફ ડિપોઝીટ વૉલ્ટ...
ક્યાં છે?



- ગુણવંત શાહ